dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
February 2015 For private circulation only Vol. 07 - Issue 147

કાળની કેડીએ ઘડીક સંગ; રે ભાઈ આપણો ઘડીક સંગ;
આ તમને તો ય જનમોજનમ લાગી જશે એનો રંગ !

નિરંજન ભગત

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સાંપ્રત મનુષ્યજીવનની ગતિવિધિ એવી સંકુલ થતી ચાલી છે કે એમાંથી ચૈતન્ય અને સંવેદનાની સૃષ્ટિ વિલાતી જાય છે. પાડોશી-ધર્મ નષ્ટ થવા લાગ્યો છે. અરે, જાતને ય પ્રેમ કરવાનું ભુલાયું છે. એકમેકને ચાહવાની, વ્હાલ કરવાની ભાવાત્મક સંબંધોની દુનિયા અદ્રશ્ય થતી ચાલી છે. જીવન ક્ષણભંગુર છે અને સૌને માટે વિદાય નિશ્ચિંત છે તો પછી કવિશ્રી નિરંજન ભગતે ગાયું છે તેમ, ક્ષણભુંગર જીવનમાં સ્નેહનો પારાવાર કેમ નહીં પ્રસારવો...

ધરતી-આંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
વાટમાં વચ્ચે એક દી નકી આવશે વિદાયવેળા;
તો કેમ કરીને ય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા !
હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ !

વિસંગતિ એ છે કે મનુષ્યના ચૈતન્ય સંસારમાં પ્રકૃતિ તેમજ માનવ-પ્રકૃતિ સાથેનું સાયુજ્ય ખોરવાયું છે. દિવસ રાત સ્પર્ધામાં રહેનારા માનવીની ભોગ માટેની આંધળી ભાગમ-દોડે એની જિંદગીને તણાવગ્રસ્ત બનાવી દીધી છે. ક્રોધ-ભય જેવી નકારાત્મક લાગણીઓને પરિણામે જાતજાતની કુંઠાઓ પેદા થવા લાગી છે. એને રોકવાનો પ્રયાસ સાહજિક પ્રકારે થશે જરૂરી છે. મનુષ્ય હૃદયમાં સ્નેહનો, અનુકંપાનો ઉદય સ્વાભાવિક છે. પણ એ કળા વિસરાઈ રહી છે. માણસાઈની કળા એમાં છે કે બીજાંઓને આપણાં સુખમાં સહભાગી બનાવવાને પોતીકાં દુખ હસતાં હસતાં એકલાં સહી લેવાં. સર્વજનહિતાય આપણી સંબધલીલા વિસ્તારવી. દુન્યવી વ્યવહારોમાં દુઃખ સમાયું છે. એને અતિક્રમી શાંતિ, સખ્ય અને સંવાદ માટેની ભૂમિકા અંકે કરવી તથા એના સુમેળનો આનંદોલ્લાસ માણવો જીવનની સાર્થકતા છે. સાંપ્રત જીવનરીતિમાં શકિતનું ક્ષેત્ર બલવાના થયું છે ખરું, પરંતુ શાંતિનું ક્ષેત્ર દૂષિત બન્યું છે એ સમજ માટે ખરી ચિંતાનો વિષય છે. એના કારણે આખો સમાજ દુર્બળ અને હતાશ થતો ચાલ્યો છે.

મેડમ મોન્ટેસરીને એક દિવસ કોઈકે કહયું કે મેડમ, ઈઝરાઈલમાં એક માણસે શોધ કરી કે, ડંખ વગરની મધમાખો પેદા થઈ શકશે. ત્યારે મોન્ટેસરી બોલ્યાં : "ડંખ વગરનો માણસ પેદા કરી શકીએ તેવું આપણે કરવું છે."

સંવેદનાના સમ્યક વિકાસના અભાવે મનુષ્યનો સ્વભાવ તથા પ્રકૃતિ ડંખીલી થતી જાય છે. સંવેદનાનો રંગ શિશુકાળથી જ ખીલતો રહેવો જોઈએ. શિશુવયથી જ સંવેદનાઓને પ્રગટ થવાનો અવકાશ સંપડાવી આપીએ તો મોટી ઉંમરે નકારાત્મક લાગણીઓ ઝરેલો ભેગો ન થાય. શૈશવમાં સંવાદી અને સખ્યપૂર્ણ જીવનનો લય આકાર પામે તો નકારાત્મકતાનાં બીજ ઊગતાં જ ડામી શકાય. સંવેદનાની કેળવણી દ્વારા શાંતિનું સામ્રાજ્ય સર્જાય અને ભિન્ન ભિન્ન ગ્રંથિઓનું ઝેર પ્રસરતું અટકાવી શકાય.

સંવેદનાની કેળવણી જાત સાથેના સ્નેહથી, જાતને સમ્માન આપવાથી શરૂ થાય. કયાંક લખેલું યાદ રહી ગયું છે કે :

When i really love myself,
Everything in my life works,
When i listen to myself,
I find the answers i need.

જાત પ્રત્યેનો આદર કેળવવાય તો અંતરનાં ઊંડાણમાં ભાવાત્મક પ્રસન્ન્તાનો અનુભવ થાય. જો એ ભીતરી સંવાદિતા ખોરવાય તો ઉદ્વિગ્નતા જન્મે અને જાત સાથે વિસંવાદ ઊભો થાય. નકારાત્મક વૃત્તિનાં બીજા ચિત્તની ભૂમિમાં વેરાયેલાં હશે તો અનુકૂળતા પ્રાપ્ત થતાં જ એ ફૂટી નીકળશે. એને અટકાવવા આપણા ધર્મગ્રંથો કે સભ્યતા - સંસ્કૃતિ - કશુંય કામે ન આવશે. અરસપરસ હૃદયને ખોલવાની તક મળે તે જીવનને સભર-રસભર કરવાનું શકય બને, આપણું ભાવજગત ત્યારે જ પ્રસન્ન બને.

દાયકાઓ પૂર્વે નિરંજન ભગતની રચનામાં જે ભાવ પ્રગટ થયો છે, એ કંઈક જુદા પરિમાણ સાથે પરવિન સાકિરની ગઝલના શે'રમાં આ પ્રકારે વ્યકત થયો છે :

ઉમ્રકા ભરોસા કયા, પલકા સાથ હો જાએ,
એક બર અકેલેમેં, ઉસ સે બાત હો જાએ.
એક બાર ખેલે તો વો મિરી તરહ ઔર ફિર,
જીત લે વો હર બાઝી, મુઝકો માત હો જાએ.

ક્ષણભંગુર એવા જીવનની દડમજલમાં ઘડીભરનો સંગ મળ્યો છે તો આરસપરસ સૌહાર્દપૂર્ણ સંવાદ કરી લઈએ અને જીવનને અર્થપૂર્ણ તેમજ સુમધુર બનાવવાનો સંકલ્પ કરી છૂટીએ.

તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ૪૨મો યુવક મહોત્સવ






















યુનિવર્સિટીનો ૪૨મો યુવક મહોત્સવ ૨૩/૧/૨૦૧૫ થી ૨૫/૧/૨૦૧૫ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે યોજાઈ ગયો. કુલપતિ શ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને ગઝલગાયક શ્રી મનહર  ઉધાસ, અતિથિ વિશેષ ડૉ. મુકુલ ચોકસી, કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતા, યુવક કલ્યાણના નિયામકશ્રી પોલ ડેવિડ અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદિયા તેમજ સેનેટ અને સિન્ડિકેટના સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, અધિકારીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેનું ઉદઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને તા. ૨૩/૧/૨૦૧૫ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં કરવામાં આવ્યું. આ યુવક મહોત્સવમાં યુનિવર્સિટી સંલગ્ન ૧૦૦ ઉપરાંત કોલેજો અને અનુસ્નાતક વિભાગોના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક તેમજ પરફોર્મિંગ આર્ટસની જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. ઉદઘાટન પૂર્વે યુનિવર્સિટી પરિસરમાં કળાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં જુદા જુદા થીમ પર આધારિત કલાકૃતિઓ સામાજીક સંદેશાઓને પ્રસરાવતા કુલ ૧૭ કોલેજના વિદ્યાર્થીઓએ કળાયાત્રા કાઢી હતી. કળાયાત્રાની સ્પર્ધામાં પ્રથમ સ્થાને એસ.ડી.જૈન કોલેજ, બીજા ક્રમે એસ.પી.બી.કોમર્સ કોલેજ અને ત્રીજા સ્થાને જે. બી. ધારૂકાવાળા કોલેજ આવી હતી. જ્યારે પ્રોત્સાહન ઈનામ ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું હતું. ખીચોખીચ ભરાયેલા કન્વેન્શન હોલમાં મુખ્ય અતિથિ ગઝલગાયક મનહર ઉધાસ અને ડૉ. મુકુલ ચોકસીના અતિથિવિશેષ પદે કાર્યક્રમ શરુ થયો હતો. સમારોહને સંબોધતાં મનહર ઉધાસે પોતાની કેટલીક યાદગાર પંકિતઓ સાથે વકતવ્ય શરુ કર્યું હતું. તેમણે કહ્યું કે દરેકના જીવનમાં ટેલેન્ટ હોવું જરૂરી છે અને તેને પ્રમાણિકતાથી જતન કરવું એટલું જ જરૂરી છે. ડૉ. મુકુલ ચોકસીએ જણાવ્યું હતું કે, ગુજરાતી ગઝલને પુસ્તકો અને મુશાયરાઓને લોકો સુધી પહોંચાડવાનું શ્રેય મનહર ઉધાસને આપ્યું હતું. આ યુવક મહોત્સવની સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી. સમારંભના અધ્યક્ષ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે યુવક મહોત્સવને ખુલ્લો મુકયો હતો. તેમણે વિદ્યાર્થીઓને કળાની દેવીની ઉપાસના કરવા માટે અનુરોધ કર્યો હતો.

તા. ૨૫/૧/૨૦૧૫ના રોજ 'વિજયશ્રી' પારિતોષિક વિતરણ સમારંભ કન્વેશન હોલ ખાતે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. જેમાં અભિનેત્રી ભકિત રાઠોડ ઉપસ્થિત રહયાં હતાં. આ પ્રસંગે ભકિત રાઠોડે વિદ્યાર્થીઓની ભરપૂર પ્રશંસા કરી હતી અને મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા. જેમાં વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા નીવડનાર વિદ્યાર્થીઓને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતા અને અતિથિવિશેષ અભિનેત્રી ભકિત રાઠોડના શુભ હસ્તે પારિતોષિકો એનાયત કરવામાં આવ્યાં હતાં.

























**પરિણામ : એકાંકી નાટક (સ્વ.દિપકલાલ મગનલાલ રેશમવાલા વિજયપદમ) પ્રથમ વિજેતા :** "દેવદાસિની" (એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત) **દ્વિતીય વિજેતા :** "રાવીપાર" (જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત), "પડઘાના પ્રતિબિંબ" (બી.પી. બારિયા સાયન્સ ઈન્સિટીયુટ કોલેજ, નવસારી.) **તૃતીય વિજેતા :** "જખ્મ-કાળજાનાં અને કટારીના" (એસ.વી. પટેલ કોલેજ, સુરત) "કામરૂ" (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી). **શ્રેષ્ઠ દિગ્દર્શન : પ્રથમ વિજેતા :** શ્રી ગિરિશ સોલંકી, "દેવદાસિની" (એસ.પી.બી. ઈંગ્લીંશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.) **દ્વિતીય વિજેતા :** શ્રીમતી સપના શેઠ અને વત્સલ શેઠ "રાવીપાર " (જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત) **શ્રેષ્ઠ લેખન :** શ્રી ગિરિશ સોલંકી, "દેવદાસિની" (એસ.પી.બી. ઈંગ્લીંશ મિડિયમ કોલજ ઓફ કોમર્સ, સુરત.), ડૉ. સ્વાતિ નાયક "પડઘાના પ્રતિબિંબ" બી.પી. બારિયા સાયન્સ ઈન્સિટીયુટ, નવસારી.) **શ્રેષ્ઠ સંગીત :** શ્રી જીતેન્દ્ર જીસાહેબ "રાવીપાર" (જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત). **શ્રેષ્ઠ પ્રકાશ :** શ્રી હિતેશ પટેલ "કામરૂ" (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી.) **શ્રેષ્ઠ સન્નિવેશ :** શ્રી સેતુ ઉપાધ્યાય "દેવદાસની" (એસ.પી.બી. ઈંગ્લીંશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત) **શ્રેષ્ઠ કથાબીજ :** શ્રી સંકલ્પ કુલકર્ણી "સંવાદ વીસંવાદ" (જે.બી. ધારુકાવાળા મહિલા આર્ટસ કોલેજ, સુરત) **(૨) સમૂહ નૃત્ય (મેસર્સ લક્ષ્મીચંદ ભગાજી વિજયપદમ) : પ્રથમ વિજેતા :** જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. **દ્વિતીય વિજેતા :** અંબાબા કોમર્સ કોલેજ, સુરત, શ્રી એસ. વી. કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત. **તૃતીય વિજેતા :** સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાંસદા, એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત. **પ્રોત્સાહન ઈનામ :** વનરાજ આર્ટસ કોમર્સ કોલેજ, ધરમપુર. **(૩) સમૂહ ગીત : (સ્વ.ભગુભાઈ નાથુભાઈ જરીવાલા વિજયપદમ) : પ્રથમ વિજેતા :** એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત. **દ્વિતીય વિજેતા :** ઝેડ.એફ. વાડિયા વુમન્સ આર્ટસ અને કોમર્સ કોલેજ, સુરત, શ્રી કે. પી. કોમર્સ કોલેજ, સુરત. **તૃતીય વિજેતા :** શ્રી એસ.વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યૂટર સાયન્સ એન્ડ બીઝનેસ મેનેજમેન્ટ, સુરત, એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત, સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત. **(૪) ગરબા (રોટરી કલબ ઓફ સુરત, વિજયપદમ) પ્રથમ વિજેતા :** જે. પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ. **દ્વિતીય વિજેતા :** ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરત, એસ.એસ. અગ્રવાલ, નવસારી, **તૃતીય વિજેતા :** એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત, બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી. **પ્રોત્સાહન ઈનામ :** જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, ઝેડ.એફ. વાડિયા વુમેન્સ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત. **(૫) એક વ્યકિત અભિનય (શ્રી ધનરાજ જે. પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ વિજયપદમ) પ્રથમ વિજેતા :** મેવાડા પાર્થવી (નારણલાલા કોલજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવસારી), **દ્વિતીય વિજેતા :** દિશા ચૌહાણ (ડિપા. ઓફ કેમિસ્ટ્રી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત), નિકુંજ કાકલોદીયા (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી), **તૃતીય વિજેતા :** પલક પાઠક (એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોલજે ઓફ કોમર્સ, સુરત) સ્નેહા દેવગણીયા (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત) **પ્રોત્સાહન ઈનામ :** ભાગ્યશ્રી સાવુ (એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત) **(૬) શાસ્ત્રીય નૃત્ય (સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદમ) પ્રથમ વિજેતા :** ખત્રી જીનલ દિપકકુમાર (સર.પી.ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત), **દ્વિતીય વિજેતા :** ત્રિવેદી હેતા રશ્મીકાંત (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર). **તૃતીય વિજેતા :** ગજ્જર દિક્ષિતા (એસ.પી.બી ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), કદમ અશ્વીની વી. (નવનિમાર્ણ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, ભરથાણા). **(૭) શાસ્ત્રીય કંઠય સંગીત (સ્વ.નટવરલાલ ભગુભાઈ જરીવાલા વિજયપદમ), પ્રથમ વિજેતા :** રાવલ આરજવ (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત, **દ્વિતીય વિજેતા :** ત્રિવેદી હેતા રશ્મીકાંત (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર), **તૃતીય વિજેતા :** દાલીયા પ્રિયંકા એ. (એસ.વી. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા). **(૮) હળવું કંઠય સંગીત (બેન્ક ઓફ ઈન્ડિયા વિજયપદમ) પ્રથમ વિજેતા :** "તારો સોનેરો" ખંભોળ્જા નિશાદ પી. (ડિપા. ઓફ ફિઝીક્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત), **દ્વિતીય વિજેતા :** "હળવે હળવે" પટેલ દિપ્ના દોલતરાય (બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી), **તૃતીય વિજેતા :** "સપનારૂપે આપ" પરમાર નિખીલ સી. (એસ. એસ. અગ્રવાલ કોલેજ ઓફ આર્ટસ, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી), "મને સાચો જવાબ" જીનલ એમ. શાહ (એસ.એ.એસ.સી.એમ.એ. ઈંગ્લીશ મિડિયમ કોલજ, સુરત). **(૯) શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વર વાદ્ય) (બારડોલી પ્રદેશ કેળવણી મંડળ વિજયપદમ) પ્રથમ વિજેતા :** આનંદ પલસાનાવાલા (સાર્વજનિક કોલેજ ઓફ પર્ફોર્મિંગ આર્ટસ, સુરત), **દ્વિતીય વિજેતા :** નાયક માનસી આર.(સર કે.પી.

કોલેજ ઓફ કોમર્સ, સુરત), **શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ) પ્રથમ વિજેતા :** વેદાનંગ શીરીષ (એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી), **દ્વિતીય વિજેતા** : સરવાન શ્રીરામ (ભગવાન મહાવીર બી.સી.એ. કોલજ, ભરથણા) **(૧૦) હસ્તકળા (સ્વ.ઠાકોરભાઈ (ભાગોદ) વિજયપદમ) પ્રથમ વિજેતા** : હિના મોદી (એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત). **દ્વિતીય વિજેતા** : ક્રિષ્ણા એમ. પીપાલીયા (આર.વી. કોલેજ ઓફ કોમર્સ, અમરોલી), **તૃતીય વિજેતા :** આરતી આર. સાવલે (અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત), **(૧૧) શીઘ્ર ચિત્ર સ્પર્ધા. પ્રથમ વિજેતા :** કેવલ દોબારીયા (ડિપા. ઓફ ડિઝાઈન ઈન્ટિરીયર બેચલર ઓફ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત), **દ્વિતીય વિજેતા :** પટેલ રાવી નરેદ્રભાઈ (આર્ટસ અન્ડ કોમર્સ કોલેજ, ચીખલી), **તૃતીય વિજેતા :** યજ્ઞેશ આર. શાહ (ડિપા. ઓફ એકવેટીક બોયોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત) **(૧૨) શીઘ્ર ચિત્ર સ્પર્ધા. દ્વિતીય વિજેતા :** પટેલ રાવી નરેદ્રભાઈ (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલી) **તૃતીય વિજેતા :** યજ્ઞેશ આર. શાહ (ડિપા. ઓફ એકવેટીક બાયોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત) **(૧૩) કાવ્ય પઠન. પ્રથમ વિજેતા :** સુરતી અનામિકા કાન્તિલાલ (સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત) **દ્વિતીય વિજેતા :** સોલંકી જીગ્નેશ ડી. (એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), **તૃતીય વિજેતા** : જોષી સચીન (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), સુરતી કૃણાલી એચ. (ડિપા. ઓફ એમ. એસસી. બાયોટેકનોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત) **પાદ્ પૂર્તિ. પ્રથમ વિજેતા :** રાવલ રુચા યુ. (બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલી), **દ્વિતીય વિજેતા :** વિરાજ ઓજસ દેસાઈ (ડિપા. ઓફ અંગ્રેજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત) ઈટાલીયા અક્ષય જે. (શ્રી એસ.વી. કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ,સુરત), **તૃતીય વિજેતા :** સુરતી કૃણાલી એચ. (ડિપા. ઓફ એમ. એસસી. બાયોટેકનોલોજી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત) **(૧૪) નવલિકા લેખન. પ્રથમ વિજેતા :** જમોડ રાજેશ જીવણભાઈ (ડિપા. ઓફ કેમિસ્ટ્રી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત), **દ્વિતીય વિજેતા :** ચૌહાણ ખુશબુ પ્રવીણભાઈ (સિધ્ધાર્થ લો કોલજ, કામરેજ), **તૃતીય વિજતા :** સુરતી અનામિકા કાન્તિલાલ (સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત) **(ચં. ચી. મહેતા પારિતોષિક)** : **(શ્રેષ્ઠ અભિનેતા)** : શ્રી જય પરમાર (એસ.પી.બી. ઈગ્લીંશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), શ્રી નિવરસિંહ રાજપૂત (સી. જે. પટેલ કોમર્સ, વરિયાવ) **(શ્રેષ્ઠ અભિનેત્રી)** : ખુશાલી પટેલ (એસ.વી. પટેલ કોલેજ, સુરત) ફોરમ પટેલ (એસ. ડી. જૈન ઈન્ટરનેશલ કોલેજ, સુરત) **(શ્રેષ્ઠ અભિનય)–સરખે હિસ્સે :** શ્રી અઝીઝ શેખ (એસ.પી.બી. ઈગ્લીંશ મિડિયમ કોલજ ઓફ, સુરત) શ્રી બિરજુ ગોરસિયા (જે.ડી.ગબાણી કોલેજ, સુરત) શ્રી હિતેન્દ્ર રાજપૂરોહિત (એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત) શિલ્પી લૂહાર (બી.પી. બારિયા સાયન્થ ઈન્સિટીયુટ કોલેજ, નવસારી) દિપશીખા શર્મા (બી.પી. બારિયા સાયન્સ ઈન્સિટીયુટ કોલેજ, નવસારી) રાધિકા સાવલિયા (જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત) ભૂમિકા ભંડારી (જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલજ, અમરોલી), પાર્થવી મેવાડા (નારણલાલા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવસારી) તંરગ વાળા (જે.બી. ધારુકાવાળા મહિલા આર્ટસ કોલેજ, સુરત)





વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ૪૨મા યુવક મહોત્સવમાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓએ "પુસ્તક, સ્વચ્છતા અને બેટી બચાવો" વિષય ઉપર પસ્તુત કરેલ 'કળાયાત્રા' ને આશ્વાસન ઈનામ પ્રાપ્ત થયેલ છે. આ કળાયાત્રાની સંપૂર્ણ તૈયારી ડૉ. બી.જે. અંકુયા, પ્રા. સોનલ દેસાઈ, પ્રા. જીતેન્દ્ર અગ્રવાલના માર્ગદર્શન તળે વિભાગના વિદ્યાર્થીઓએ કરી હતી.

## Golden Jubilee Year





Under the Golden Jubilee year Celebration programme of Veer Narmad South Gujarat University, the Department of Aquatic Biology organised the first programme on 29/1/2015 Dr. C. J. Sampatkumar, Depty Director of MPEDA (Marine Products Export Development Authority) has delivered

lecture on "MPEDA and its role in Export Promotion". He gave very informative and intensive lecture and covered various aspects of freshwater, brackishwater and marine culture and capture fisheries. Dr. Sampat stressed on developing the potential water resources for aquaculture. Information on various Government schemes related to Aquatic Biology were given. A video programme on activities of Rajiv Gandhi Center for Aquaculture, using best and advances technology was projected. The scope of ornamental fishes particularly as source of income generation for women was also discussed. Students of other Departments participated in the programme which was successful with the cooperation of VNSGU authorities.

## મહાત્મા ગાંધી અને સફાઈ





ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રાંક મકમ ESC4/ ડૉ.કો./૨૦૧૫/૫૯૭-૧૦૬૬, તા. ૧૭/૧/૧૫ અનુસાર યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન અને માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના ૨૪ વિદ્યાર્થીઓએ તા. ૩૦/૧/૧૫ના રોજ યોજાયેલ "મહાત્મા ગાંધી" ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો.

કાર્યક્રમનું આયોજન ઈન્ચાર્જ યુનિવર્સિટી લાયબ્રેરીયન ડૉ. બી.જે. અંકુયાના માર્ગદર્શન તળે બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના કો-ઓર્ડિનેટર પ્રા.સોનલ દેસાઈ અને માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ (પાર્ટ-ટાઈમ)ના કો-ઓર્ડિનેટર શ્રી એફ.એન. વસાવાએ કર્યુ હતું. ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ૧૦:૩૦ થી ૧૧:૦૦ દરમ્યાન ડૉ. બી.જે. અંકુયાએ "મહાત્મા ગાંધી અને સફાઈ" અંગે ઉદબોધન કર્યું હતું. ૧૧:૦૦ થી ૧૧:૦૨ દરમ્યાન શહીદ દિન નિમિત્તે બે મિનિટનું મૌન, ૧૧:૦૫ થી ૧૧:૧૦ દરમ્યાન ડૉ. બી.જે. અંકુયાએ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સફાઈ અંગેના શપથ લેવડાવ્યા હતા તથા ૧૧:૧૦ થી ૧૧:૧૫ ચિત્ર સ્પર્ધા માટેની વિદ્યાર્થીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી તથા ૧૧:૧૫ થી ૧૨:૧૫ દરમ્યાન ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. કુલસચિવશ્રી ડૉ.જે.આર. મહેતાએ ચિત્રસ્પર્ધાનું નિરીક્ષણ કરીને સંતોષ વ્યકત કર્યો હતો.



૩૦મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે, ગુજરાત રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પત્રના સદર્ભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના દેખરેખ હેઠળ એકવેટીક બાયોલોજી વિભાગમાં "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર ચિત્ર સ્પર્ધા સાથે કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમ અંતર્ગત વિભાગના તમામ સભ્યો દ્વારા સુતરની આંટી, પુષ્પ અને મૌન રાખી શ્રધ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી. ત્યાર બાદ ડૉ. માહિની ગઢીયાએ "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર ઉદ્‌બોધન કરેલ હતું, ડૉ. અને. સી. ઉજ્જૈનીયા હેઠળ વિભાગના તમામ સભ્યો દ્વારા સફાઈ અંગે શપથ ગ્રહણ કરેલ હતા. વિભાગના જી.એસ શ્રી સમર્થ ડૉકટરે પણ પોતાના વિચાર પ્રગટ કર્યો હતો રઘુપતિ રાઘવ રાજા રામ....... ગીત થી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો અને ૧૧.૧૫ થી ૧૨.૧૫ કલાક સુધી "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર ચિત્ર સ્પર્ધાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

## સ્પર્ધા



ધી આઈ. આઈ. એસ યુનિવર્સિટી, જયપુર મુકામે આંતર યુનિવર્સિટી ટેનિસ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ નાયબ કુલસચિવશ્રી આર. સી. ગઢવીના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને મેનેજર તરીકે શ્રી રાજનસિંહ ગોહિલ સેવા આપી રહયા છે. ૧) કુ. ઠાકોર ભાવિન ડી., ૨) કુ. પટેલ આર્ચી એમ., ૩) કુ. ઝૈના મુબારકા ઈ.

એલ. એન. આઈ. પી., ગ્વાલીયર મુકામે આંતર યુનિવર્સિટી ફૂટબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા નાયબ કુલસચિવશ્રી આર. સી. ગઢવી અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મોહમંદ ધુપલીએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે પ્રો. મયૂર પટેલે સેવા આપી. ટીમ : ૧) ભામ બીલાલ એ., ૨) સુરતવાલા ફેનીલ બી., ૩) બીડીવાલા નાસીરહુસેન જી., ૪) પઠાણ ફેઝલખાન આઈ., ૫) સૈયદ મા. સોયેબ એમ., ૬) અનસારી મુનાફ કે., ૭) શેખ મા. અઝાઝા એ., ૮) મહેતા આસીમ એસ., ૯) સિદ્દીકી મો. ખાલીદ એચ., ૧૦) ઈસ્માઈલ આરીફ સી., ૧૧) પઠાણ ફેઝલ એલ., ૧૨) ખાન સેરાફ એસ., ૧૩) ગાવલી સીરીલ એમ., ૧૪) વોહરા ઉઝૈર જી., ૧૫) સિદ્દીકી મુરતુઝા એ., ૧૬) મહાલા પ્રિતેશ એલ



પી.ટી.યુ., જલંધર મુકામે આંતર યુનિવર્સિટી વેઈટ લીફટીંગ, પાવર લીફટીંગ એન્ડ બેસ્ટ ફિઝીકસ (ભાઈઓ/બેહનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી ડૉ. જે.આર.મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી અમીત રાઠોરે કોચીંગ આપ્યું છે. બહેનોની ટીમમાં કોચ તરીકે પો. કપિલ ખલાસી મેનેજર તરીકે શ્રી પ્રો. મનેશ પટેલ અને ભાઈઓની ટીમમાં મેનેજર તરીકે પ્રો. મયુર પટેલએ સેવા આપી રહયા છે. ભાઈઓની ટીમ : ૧) સિધ્ધિકી અફઝલ એ., ૨) આસફાક એ. એમ., ૩) સૈયદ નઈમ એન., ૪) મામુજી સલમાન એ., ૫) એરાપ્લે ચિરાગ કે., ૬) પટેલ અંકુર પી., ૭) પાલેકર રાહુલ સી., બહેનોની ટીમ : ૧) કુ. પટેલ સ્વાતી એસ., ૨) કુ. વાઘેલા ફાલ્ગુની બી., ૩) કુ. વાઘેલા કાજલ બી.



પંજાબી યુનિવર્સિટી, પતીયાલા મુકામે આંતર યુનિવર્સિટી રાઈફલ એન્ડ પીસ્તોલ શુટીંગ (ભાઈઓ/બહેનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી ડૉ. જે.આર.મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી ઉમેશ ચેવલીએ કોચીંગ આપ્યું હતુ. આ ટીમમાં કોચ તરીકે પ્રો. ડી. એમ. વાઘેલા અને મેનેજર તરીકે પ્રો. અમીત પટેલે સેવા આપી રહયા છે. ભાઈઓની ટીમ : ૧) જૈસવાલ શિવ એમ., ૨) સોલા કિરણ આર., ૩) પટેલ અંકિત એમ., ૪) જૈન ઘરમીચંદ એન., ૫) રાજપૂત અક્ષય પી., ૬) ખેરાડીયા હરદીપ આર., ૭) પટેલ મેહુલ એમ., ૮) ગોહીલ ઘર્મેશ પી., બહેનોની ટીમ : ૧) કુ. ચાહવાલા દિવ્યા એચ., ૨) કુ. જોષી રાજેશ્રી બી., ૩) કુ. કયાલ શેવાંગી બી., ૪) કુ. દેશમુખ નિરાલી આર., ૫) કુ. ભંડારી મોનીકા યુ., ૬) કુ. વારડે દિવ્યા બી., ૭) કુ. ગારીયા ચાંદની એન., ૮) કુ. કાદીયા વિવક્ષા આર.



પંજાબી યુનિવર્સિટી, પતીયાલા મુકામે આંતર યુનિવર્સિટી રાઈફલ એન્ડ પીસ્તોલ શુટીંગ (ભાઈઓ/બહેનો)ની ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી ડૉ. જે.આર.મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી ઉમેશ ચેવલીએ કોચીંગ આપ્યું હતુ. આ ટીમમાં કોચ તરીકે પ્રો. ડી. એમ. વાઘેલા અને મેનેજર તરીકે પ્રો. અમીત પટેલે સેવા આપી રહયા છે. ભાઈઓની ટીમ : ૧) જૈસવાલ શિવ એમ., ૨) સોલા કિરણ આર., ૩) પટેલ અંકિત એમ., ૪) જૈન ઘરમીચંદ એન., ૫) રાજપૂત અક્ષય પી., ૬) ખેરાડીયા હરદીપ આર., ૭) પટેલ મેહુલ એમ., ૮) ગોહીલ ઘર્મેશ પી., બહેનોની ટીમ : ૧) કુ. ચાહવાલા દિવ્યા એચ., ૨) કુ. જોષી રાજેશ્રી બી., ૩) કુ. કયાલ શેવાંગી બી., ૪) કુ. દેશમુખ નિરાલી આર., ૫) કુ. ભંડારી મોનીકા યુ., ૬) કુ. વારડે દિવ્યા બી., ૭) કુ. ગારીયા ચાંદની એન., ૮) કુ. કાદીયા વિવક્ષા આર.

# કોલેજ ન્યૂઝ

## એન.એસ.એસ.



નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં ૭ દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન સુરત જીલ્લાના મહુવા તાલુકાના અનાવલ ગામ તા. ૨૮/૧૨/૧૪ થી ૩/૧/૧૫ દરમ્યિાન શુકલેશ્વર મહાદેવ પટાંગણ કરવામાં આવ્યું હતું. જ્યાં એન.એસ.એસ. શિબિરનું ઉદ્દ્યાટન યુનિવર્સિટીના એન.એસ.એસ. કો.ઓર્ડિનેટર શ્રી માલવિયા, આચાર્ય ડૉ. જ્યોતિબેન નાયક, શુકલેશ્વર મહાદેવ મંડળના ટ્રસ્ટી શ્રી પ્રમોદભાઈ દેસાઈ, ગામના સરપંચ શ્રી, વડીલો હાજર રહયાં હતાં. શ્રમયજ્ઞ, વૃક્ષારોપણ, જનજાગૃતિ માટે વ્યસનમુકિત અને બેટી બચાવો માટે રેલીનું આયોજન, ગામની સ્કુલમાં વ્યસનમુકિત પર વ્યાખ્યાન, વિવિધ તજજ્ઞોના વ્યાખ્યાનો, યોગા, સેલ્ફ ડિફેન્સની માહિતી, ગ્રામ પંચાયતની મુલાકાત, ઉનાઈ માતાની અને ઓમ પરમાત્મા વલ્લભાશ્રમની મુલાકાત લીધી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડનો એન.એસ.એસ. વાર્ષિક શિબિરના તા. ૭/૧૨/૧૪ થી તા. ૧૩/૧૨/૧૪ દરમ્યાન ફલઘરા ગામે યોજાયો હતો. આ શબિરના પૂર્ણાહૂતિ સમારંભમાં આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે એમના વકતવ્યમાં આવા શિબિરો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના વ્યકિતત્વના ઘડતરની જરૂરિયાત ઉપર ભાર મૂકી પ્રોગ્રામ ઓફિસરો અને શિબિરાર્થીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. સમારંભના અતિથિ વિશેષ પ્રિ. ડૉ. પંકજ દેસાઈએ શિબિરાર્થીઓને એન.એસ.એસ.ની પરિકલ્પનાથી વાકેફ કર્યા હતા. આ ઉપરાંત ફલઘરા બુનિયાદી પ્રાથમિકશાળાના આચાર્યશ્રી રમેશભાઈ પટેલે શિબિર દરમ્યાન યોજાયેલ ચશ્માશિબિર તથા શ્રમકાર્ય જેવી પ્રવૃતિઓને વખાણી આવે કેમ્પ આ શાળામાં ફરી યોજવા આમાંત્રિત કર્યા હતા તે ગામની દૂધમંડળીની ચેરમેનશ્રી ઠાકોરભાઈએ શિબિર દરમ્યાન હાથ ધરાયેલ વિવિધ પ્રવૃતિઓનો ગ્રામજનોએ પુરતો લાભ ન લીધાનો ખેદ પણ વ્યકત કર્યો હતો. આ શિબિર દરમ્યાન હાથ ધરાયેલ વિવિધ પ્રવૃતિઓ જેવી કે પશુપાલન અને દક્ષિણ ગુજરાત પાકો વિશે માર્ગદર્શન શિબિર, ફ્રી મેડિકલ કેમ્પ, જનજાગૃતિ રેલી, યોગ-ધ્યાન શિબિર, ફ્રી સીકલ સેલ ટેસ્ટિંગ કેમ્પ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ વર્ગોનાં સિકલસેલ, ગ્રાહક સુરક્ષા મતદાન, ચક્ષુદાન, સ્ત્રી સશકિતકરણ, એઈડસ અવેરનેસ વગેરે અંગે કાઉન્સેલિંગ, સાઈબર સીકયુરીટી અને આધુનિક મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉપર વ્યાખ્યાન, ચશ્મા શિબિર, યુ.પી.એસ.સી./ જી.પી.એસ.સી.પરીક્ષા માર્ગદર્શન શિબિર, પર્યાવરણ બચાવો, ભજન ડાયરો, શ્રમકાર્ય, ગામનો સર્વે, હાટ બજાર મુલાકાત, સબ હેલ્પ કેર સેન્ટરની આશા વર્કર બહેનો સાથે મુલાકાત, વ્યસનમુકતિ વ્યાખ્યાન, વૃક્ષા રોપણ, એન્ટી કરપશન બ્યુરોની કામગીરી તથા હાથીપગા રોગ ઉપર વ્યાખ્યાન જેવા કાર્યોની સમીક્ષા ડૉ. દક્ષા ઠાકોરે કરી શિબિરાર્થીઓએ સવારે સાત થી રાત્રે અગિયાર વાગ્યા સુધી કરેલી કામગીરીની પ્રશંસા કરી હતી. પ્રા. એમ.એ.મુલ્લાએ કેમ્પ દરમ્યાન પૂરક કામગીરીની સાથે કેમ્પમાં શિસ્ત જળવાઈ રહે તેની પૂરી તકેદારી રાખી હતી.

તા. ૪/૧/૧૫ના રોજ રોફેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વાપી દ્વારા એક દિવસીય એન.એસ.એસ.નો કેમ્પ સંસ્થાના પરિસરમાં યોજાયો અને ૧૩૦ સ્વયંસેવકો ત્રણ પ્રોગ્રામ ઓફિસરો અને આચાર્ય ડૉ. હેમાલીબેન દેસાઈના સહકાર અને માર્ગદર્શનથી સમગ્ર કોલેજ મેદાન, કોલેજ રોડ, કોલેજ પરિસરનું મકાન આ બધાંની વિદ્યાર્થીઓ દ્વારા સાફ સફાઈ થઈ હતી. સ્વચ્છતા અભિયાન આરંભાયું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષ ફરતે બે ચોતરા પણ બનાવ્યા હતા. વિદ્યાર્થીઓ સુંદર રીતે અરજી લેખન કઈ રીતે કરી શકે તે માટે વનરાજ આર્ટ્સ કોલેજના પૂર્વ આચાર્ય શ્રી યોગેશભાઈ ભટ્ટે હાજર રહી પ્રેક્ટીકલ ટ્રેનીંગ પૂરી પાડી હતી. તા. ૧૧/૧૨/૧૪ થી ૧૩/૧૨/૧૪ના દરમ્યાન એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા 'ટ્રાફિક સર્વેનો ત્રીદિવસીય' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાયો હતો. અને તેમાં વાપી નગર પાલિકા, પી.ડબલ્યુ.ડી. વિભાગ અને વાપી પોલિસ વિભાગ દ્વારા સુંદર સાથ સહકારથી આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. રોફેલ આર્ટસ અને કોમર્સ કોલેજનાં આચાર્ય ડૉ. હેમાલીબહેન દેસાઈના સતત માર્ગદર્શન અને સુંદર સહકારથી આ 'ત્રીદિવસીય' કાર્યક્રમ વિશેષ સફળ રહયો હતો.

## એન.સી.સી

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એન.સી.સી. યુનિટ દ્વારા તા. ૨૨ નવેમ્બર ૨૦૧૪ના રોજ સામાજીક જાગૃતિ માટેના વિવિધ સ્લોગન બેનર બનાવી કોલજ કેમ્પસથી કુસુમ વિદ્યાલય સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કુસુમ વિદ્યાલયમાં યોજાયેલા સ્પોર્ટસ ડે માં એન.સી.સી. કેડેટ દ્વારા પરેડ નિદર્શન બતાવવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર પ્રા. મુકેશભાઈ પટેલ દ્વારા આચાર્યશ્રી ડૉ. જે.એમ.નાયકની માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com